શ્રી ૧.



શ્રી સોરઠીયા બ્રહ્મક્ષત્રિય
સમાજના
નિયમો

સંવત ૧૯૬૭ ના મહા શુદ ૧

તા૦ ૩૧-૧-૧૧.

સુબોધિનિ પ્રીંટીંગ પ્રેસમાં વૈદ્ય
ભગવાનલાલ ત્રીભોવને છાપ્યું.



શ્રી સોરઠીઆ બ્રહ્મક્ષત્રીય સમાજના

નિયમો.

परिवर्तीनिसंसारे मृतः को वा न जायते
सजातः येन जातेन यातिवंशः समुन्नतिम्

તાત્પર્ય—આ ક્ષણિક સંસારના ફેરામાં જનમતું કોણ નથી અને મરણ કોને નથી આવતું? દરેક મનુષ્યને જન્મ તથા મરણ આવે છે, પરંતુ જે મનુષ્યથી પોતાના વંશની ઉન્નતિ થઇ શકે તેનોજ જન્મ સાર્થક ગણી શકાય છે.

મુંબઇ, સંવત ૧૯૬૭ ના માહા શુદી ૧
તા૦ ૩૧ જાનેવારી ૧૯૧૧.

વસ્તુ અને વિજ્ઞપ્તિ.

જ્ઞાતિ ઉન્નતિ અને વિદ્યા પ્રાપ્તિની ચર્ચા દરેક સ્થળે સાધારણ થઇ પડી છે, અને જો કોઇ પણ જ્ઞાતિ તેમાં પછાત પડી રહી હોય તો તે આપણી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ છે, તો આવા જાગૃતિના સમયમાં આપણે પણ સમયોચિત કાર્ય કરવા પગલાં લેવાં જોઇએ અને તેવાં કાર્યમાં યથાશક્તિ તન મન ધનથી મદદ આપવી તે દરેક જ્ઞાતિ બંધુની સામાન્ય ફરજ છે. જ્ઞાતિ ઉન્નતિના માર્ગમાં કોઇ પણ રીતે મદદ કરવી તે સ્વાર્થ અને પરમાર્થ એવા બે અર્થને સાધનાર છે, અને એક જાતના મનુષ્ય ફરજ રૂપી રૂણમાંથી મુક્ત થઇ શકાય છે. આપણી સામાન્ય ફરજ બજાવતાં થોડી મેહેનતે મહત્વનું કાર્ય થઇ શકતું હોય ને તે દ્વારા જ્ઞાતિહિત કરવાનો ઉદ્દેશ જળવાઇ રેહેતો હોય તો તેમ કરવા કોણ પાછી પાની કરશે? અને પોતાની પ્રજાનો લાભ સંભાળશે નહીં?

ઉપરની અરજ ઉપર વિચાર કરી યોગ્ય માર્ગ લેવા ખાસ આગ્રહ કરવામાં આવે છે. ને "ન ઇધરકા ન ઉધરકા" એવી અધોપાતની સ્થીતિમાંથી બચવાને ઉત્સાહ પ્રેરવા પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

પ્રશ્ન—

નહિ દામ નહિ ધામ કંઇ, નહિ જગમાં વિશ્રામ,
કાં તેં એવું આપીયું ? જગ પાલક શ્રી રામ.

ઉત્તર—

જે નહીં સમજે સંપને, રાખે નહીં શુભ ભાવ.
અક્ષર એક ન આવડે, ક્યે પામે ગુણ નાવ.

પ્રશ્ન—

શું કરવું સમજાવને, દઇ સુમતિ અનુસાર,
જો ઝાલે અમ બાંયતો, ન્યુન નહીં ઉપકાર.

ઉત્તર—

શીખો શુભ રીતિ સદા, પઢો સુવિદ્યા પાઠ,
તારક એક બીજા બની, ભલો ભજાવો ઠાઠ.
સમાજમાં શ્રદ્ધા ધરી. સમજો સૌનું હિત,
પોતાથી બનતું કરો, જશ જામે ચોદીશ.

તથાસ્તુ

શ્રી સોરઠીઆ બ્રહ્મક્ષત્રિય સમાજ

સ્થાપવા માટે સોરઠીયા ભાઇઓના સમસ્ત પંચનો એક મેળાવડો તા૦ ૩૧ મી જાન્યુઆરી ૧૯૧૧ ને રોજ જ્ઞાતિના પ્રતિષ્ઠિત ગ્રહસ્થોના આમંત્રણથી સોરઠીયા બ્રહ્મક્ષત્રીની (મુળજી રામજીની) વાડીમાં બોલાવવામાં આવ્યો હતો. જે વખતે પ્રમુખ સ્થાન રા. રા. વીઠલદાસ ઝીણાભાઇને આપવામાં આવ્યું હતું. અને આપણી જ્ઞાતિના વર્તમાન સંજોગો ઉપર બે બોલ બોલાયા બાદ પ્રમુખ સાહેબે સમાજની જરૂરીયાત તથા તેનાથી થનારા ફાયદા વિષે લંબાણથી વિવેચન કર્યું હતું, અને તેવી સંસ્થાઓથી થતા કાર્યના દાખલા ટાંકી બતાવી દરેકના મનમાં સમાજની જરૂરીયાત ઠસાવી હતી. અને તેવી સંસ્થા સ્થાપવા પોતાની ઇચ્છા દરશાવી હતી, જેને દરેક જણે તાળીઓના અવાજે વધાવી લઇ પોતાની અનુમતિ આપી હતી. અને તેજ વખતે શ્રી સોરઠીયા

બ્રહ્મક્ષત્રીય સમાજ એ નામની એક સંસ્થા સ્થાપવામાં આવી હતી. તથા ૬૭ ગ્રહસ્થોએ પોતાનાં નામ મેમ્બર તરીકે લખાવ્યાં હતાં. જેઓનાં નામ નીચે પ્રમાણે છે.

૧ ભુછડા લક્ષ્મીદાસ ત્રીકમજી.
૨ જગડ ધરમશી ગાંડા.
૩ પડીયા ભાણુજી કેશવજી.
૪ નમળ જમનાદાસ અર્જુનલાલ.
૫ નમળ વૃજલાલ અર્જુનલાલ.
૬ જગડ જાદવજી વનમાળી.
૭ પડીયા ત્રીભોવન રણછોડ.
૮ બોસમીયા ડાહ્યાલાલ હરજી.
૯ આસરા જાદવજી વેલજી.
૧૦ ભૂછડા મુળજી હેમરાજ.
૧૧ પડીયા ઓધવજી જેરામ.
૧૨ પડીયા સુંદરજી ગોકળદાસ.

૧૩ છાટબર જેરામ જીવા.
૧૪ જગડ જીવન નારણ.
૧૫ જાજલ રાયચંદ મેઘજી.
૧૬ જોગી વનમાળી અબજી.
૧૭ જગડ માધવજી આણંદજી.
૧૮ જગડ વાલજી જીવરાજ.
૧૯ ટોકલે દામોદર ઓધવજી.
૨૦ મણીયાર પરશોતમ ગાંડા.
૨૧ ભૂત વીઠલદાસ જીણાભાઇ.
૨૨ જોગી હરજીવનદાસ પ્રાગજી.
૨૩ જોગી નરોતમ મીઠા.
૨૪ સોનેજી વનમાળી કરશન.
૨૫ મછર ભાઇશંકર જમનાદાસ.
૨૬ પડીયા ત્રીકમજી રૂગનાથ.
૨૭ પટીયા લાલજી દેવરાજ.
૨૮ ઓસમીયા લક્ષ્મીદાસ પ્રેમજી

૨૯ જોગી જીવરાજ કડવા.
૩૦ મેર નંદલાલ ભાણજી.
૩૧ શનિશ્ચરા જયંતીલાલ ગોકુળદાસ.
૩૨ ખખ્ખર વાલજી જીવરાજ.
૩૩ મણીયાર હરી લવજી.
૩૪ છાટબાર નારણદાસ જીવન.
૩૫ જોગી લક્ષ્મીદાસ ધરમશી.
૩૬ સિંધવડ લીલાધર લાધા.
૩૭ નમળ હીરાલાલ ખેતસી.

ઉપર મુજબના મેમ્બરોનાં નામ નોંધાઇ રહેવા પછી ઓધેદારો તથા મેનેજીંગ કમીટીના મેમ્બરો નકી કરવામાં આવ્યા હતા, જેઓ નિચે પ્રમાણે છે.

કાયમના પ્રમુખ—શેઠ વીઠલદાસ ઝીણાભાઇ
ઉપ પ્રમુખ—છાટબર નારણદાસ જીવન.
સેક્રેટરી—આસરા જાદવજી વેલજી.
આ. સેક્રેટરી—જગડ માધવજી આણંદજી

શરાફ—શેઠ વીઠલદાસ ઝીણુભાઇ.
ખજાનચી—આસરા જાદવજી વેલજી.
હિસાબ તપાસનાર—જોગી વનમાળી અબજી.

મેનેજીંગ કમીટીના મેમ્બરો.

૧ શેઠ વીઠલદાસ જીણુભાઇ.
૨ છાટબાર નારણુદાસ જીવન.
૩ આસરા જાદવજી વેલજી.
૪ જગડ માધવજી આણંદજી.
૫ ભુછડા લક્ષ્મીદાસ ત્રીકમજી.
૬ ભુછડા મુલજી હેમરાજ.
૭ પડીયા ત્રીકમજી રૂગનાથ.
૮ મણીયાર પરશોતમ ગાંડા.
૯ નમળ જમનાદાસ અર્જુનલાલ.
૧૦ જોગી લક્ષ્મીદાસ ધરમશી.
૧૧ નમળ વૃજલાલ અર્જુનલાલ.

૧૨ જગડ જાદવજી વનમાળી
૧૩ જોગી હરજીવન પ્રાગજી.
૧૪ જગડ ધરમશી ગાંડા.
૧૫ જગડ વાલજી જીવરાજ.

ઉપરનું કાર્ય પુરૂં થયે પ્રમુખનો તથા વાડી વાપરવા આપવા માટે શ્રી પંચનો ઉપકાર માની સભા વિસરજન કરવામાં આવી હતી.

ત્યાર પછી તા૦ ૫ મી ફેબ્રુઆરી ૧૯૧૧ સં. ૧૯૬૭ ના માહા શુદી ૬ ને રોજ રાત્રીના ૮ વાગે સમાજને લગતા નિયમો ઘડવા માટે મેનેજીંગ કમીટીના મેમ્બરોની એક સભા બોલાવવામાં આવી હતી, જે વખતે પ્રમુખસ્થાન શેઠ વીઠલદાસ ઝીણાભાઈને આપવામાં આવ્યું હતું. અને સેક્રેટરી આસરા જાદવજી વેલજીએ તૈયાર કરેલા નિયમો વાંચી સંભળાવવામાં આવ્યા હતા. જે થોડા ફેરફાર સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા તેજ રાત્રીના સાડા

આઠ વાગતા મેમ્બરોની સભા બોલાવવામાં આવી હતી. તેમની સમક્ષ તે નિયમો વાંચી સંભળાવવામાં આવ્યા હતા. અને હાજર રહેલા દરેક મેમ્બરે તેમાં પોતાની અનુમતિ આપી હતી. ત્યાર પછી પ્રમુખનો તથા પંચનો ઉપકાર માની સભા વિસરજન કરવામાં આવી હતી. પરંતુ સભાના વિખરાતા પહેલાં મેમ્બર તરીકે નીચે પ્રમાણે ગ્રહુસ્થે.નાં વધારે નામ લખાયાં હતાં

૩૮ છાટબાર અમૃતલાલ હરખજી મુંબઈ.
૩૯ મરથક પ્રાગજી ટોપણ મુંબઈ.
૪૦ મગનલાલ કેશવજી હુબલી
૪૧ જેઠાલાલ હરખજી પાલીતાણા
૪૨ આસરા ડાહ્યા લાધા રાજકોટ.
૪૩ ચચ્ચા વશરામ મેઘજી ભરૂચ.
૪૪ આસરા કાનજી મોરારજી ભરૂચ.
૪૫ મરથક કલ્યાણજી કાનજી મીઠા મુંબઈ.

૪૬ મર્થક ખોડીદાસ કાનજી મીઠા મુંબઈ.
૪૭ ભુછડા ભુરા ત્રીકમજી મુંબઇ.
૪૮ જોગી ત્રીભોવન ભાણજી.
૪૯ તેતર ભગવાન તુળસી.
૫૦ ભુદર વીરજી.
૫૧ આસરા હરજીવન દામોદર.
૫૨ જગડ જગજીવન જીવરાજ.
૫૩ જગડ લક્ષ્મીદાસ ત્રીભોવનદાસ.
૫૪ છાટબાર રામજી આણંદજી.
૫૫ છાટબાર લાલજી બેચર.
૫૬ પડીયા પરશોતમ મુળજી.
૫૭ આસરા દુલભજી ખેતસી.
૫૮ મગનલાલ વીરજી.

સર્વાનુમતે પસાર થયેલા
શ્રી સોરઠીયા બ્રહ્મક્ષત્રિય સમાજના

નિયમો.

૧ નામ—આ સમાજનું નામ "શ્રી સોરઠીયા બ્રહ્મક્ષત્રીય સમાજ" આપવામાં આવ્યું છે.

૨ ઉદ્દેશ—મજકુર સમાજનો ઉદ્દેશ નિચે મુજબ છે.

(૧) જ્ઞાતિ બંધુઓમાં પરસ્પર ઐક્યતા વધારવી વિદ્યાને ઉત્તેજન આપવું અને નિરાશ્રિતોને આશ્રય આપવો એટલે કે કોઇ પણ રીતે જ્ઞાતિનો ઉદય થાય તેવા ઉપાયો સમયાનુસાર ફંડની સ્થીતિના ઉપર વિચાર કરી મેનેજીંગ કમીટીની પરવાનગી મળ્યેથી રફતે રફતે લેવા. જેવાકે,

(ક) મુંબઇ તથા કાઠીઆવાડમાંના જ્ઞાતિ બંધુ વિદ્યાર્થીઓને જોઇતી ફી તથા ચોપડીઓની મદદ તથા બની શકે તો માસીક સ્કૉલરશિપની મદદ આપવી.

(ખ) નિરાશ્રિતોને જોઇતી મદદ કરવી.

(ગ) ખાનગી ઇંગ્રેજી શિક્ષણ લે-નારા માટે એક નાઇટ સ્કુલ ઉઘાડવી.

(ઘ) એક લાઇબ્રેરી ખોલવી.

(ચ) બહાર ગામથી ટુંક મુદત માટે આવતા વિદ્યાર્થીઓને સુવા બેસવાની સગવડ કરી આપવી.

(છ) એક ત્રીમ.સીક ચોપાનીયું કાઢવું, જેમાં અન્ય વિષયો ઉપરાંત આ સમાજનો હિસાબ તથા જ્ઞાતિ ભાઇઓ તરફથી મળેલી મદદનો હેવાલ છાપવામાં આવશે.

(જ) એક દવાખાનું ખોલવું.

(૨) સમાજમાં કોઇ પણ ધર્મ કે રાજ્ય સંબંધી વિષયોની ચર્ચા કરવી નહીં.

(૩) દૈવ યોગે આ સમાજનું કામકાજ બંધ થવાનો વખત આવે તો સમાજને લગતું બધું દેવું પતાવી દેતા બાકી રહેલી રકમ તથા મિલકતની વ્યવસ્થા સભાના તે વખતના મેમ્બરો કરશે.

૩ સભાસદ જે જે જ્ઞાતિ બંધુ આ સમાજનાં દાખલ થવા ઇચ્છે અને સમાજના નિયમો

સ્વિકારે તે દાખલ થઇ શકશે પરંતુ દાખલ થનારની ઉમર ૧૮ વરસ ઉપરાંતની હોવી જોઇએ, સભાસદ થવા ઇચ્છનારે સેક્રેટરી ઉપર સમાજના છાપેલા ફારમ ઉપર સહી કરી અરજી પત્ર મોકલી આપવું, ને તે સ્વિકારાયા બાદ અરજી કરનારને સભાસદ ગણુવામાં આવશે ફૉર્મ સ્વિકારવું કે નહીં તે વ્યવસ્થાપક સભાનો અધિકાર છે.

૪ પત્ર વ્યવહાર—સભા સંબંધી તમામ પત્ર વ્યવહાર નીચેને શીરનામે કરવો.

આસરા જાદવજી વેલજી.

ઓનરરી સેક્રેટરી—**શ્રી સોરઠીયા બ્રહ્મક્ષત્રિય સમાજ.**

૩ જો ભોઈવાડો, સ્વામીનારાયણની નવી ચાલી,

ત્રીજે દાદરે—**મુ૦ મુંબઇ.**

૫—આ સમાજનું માસીક લવાજમ રૂ૦ ०। (ચાર

આના) રાખવામાં આવ્યું છે, તે ત્રિમાસીક અગાઉથી લેવામાં આવશે.

૬—જે કોઇ સભાસદનું લવાજમ ત્રણ મહીનાનું ચડી જશે ને તે ત્રણ માસ પુરા થતાં દરમ્યાન નહીં ભરી આપવામાં આવે તો તે ભરવાને સેક્રેટરી તરફથી તેને સુચના કરવામાં આવશે ને તેમ છતાં નહીં ભરે તો તેનું નામ રજીસ્ટર ઉપરથી રદ કરવામાં આવશે.

૭—જે જ્ઞાતી બંધુ રૂા. ૫૧) અંકે એકાવન અગાઉથી ભરશે તેને રક્ષક સભાસદ એટલે કે હૈયાતી સુધીના સભાસદ ગણવામાં આવશે. આ વર્ગના સભાસદને માસીક લવાજમ ભરવાનું નથી.

૮—જે હૈયાતી સુધીના સભાસદ બીજા રૂા. ૨૦૦) અંકે બસો અગાઉથી ભરી સભાને વધારે ઉત્તેજન આપશે તો તેને પ્રતિષ્ઠિત સભાસદ એટલે કે પેટ્રન ગણવામાં આવશે. લવાજમ ભરવાનું નથી.

૯—જે જ્ઞાતિ બંધુ રૂા. ૨૫૧) અંકે બસો એકાવન અગાઉથી ભરી ઉત્તેજન આપશે તેને સમાજના પ્રતિષ્ઠિત સભાસદ એટલે પેટ્રન ગણવામાં આવશે. આ વર્ગના સભાસદને લવાજમ ભરવાનું નથી.

૧૦—મુંબઈની બહાર ગામના સભાસદોનું લવાજમ વરસ એકનો ફક્ત રૂા. ૧) અંકે એક અગાઉથી લેવામાં આવશે, ને તે દરેક સભાસદે સેક્રેટરીના ઉપર મનીઑરડરથી અથવા કોઇ પણ બીજી સગવડે મોકલી આપવું.

૧૧—વંશ પરંપરાના મેમ્બર થવા ઇચ્છનારે રૂા. ૨૦૦૦ અંકે બે હજાર અગાઉથી આપવા પડશે.

૧૨—સાધારણ સભા બે પ્રકારની થશે.
(૧) વાર્ષીક અને (૨) નૈમિતિક.

૧૩—વાર્ષિક સભા દર વરસની આખેરીયે સમાજનો વાર્ષિક ઉત્સવ કરવા તથા વ્યવસ્થાપક સભાના

અધિકારીઓ ચુંટવા. (અધિકારીઓ હાજર રહેલા મેંબરોના લખીત મત મેળવીને બહુ મતે ચુંટવામાં આવશે.) તથા સમાજનો પુરા થતા વર્ષનો હિસાબ કિતાબ તથા વૃત્તાંત સાંભળવા મળશે જે વખતે એક અઠવાડીયા અગાઉ ખબર આપવામાં આવશે.

૧૪—નૈમિતિક સાધારણ સભા જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે કોઈ વિશેષ કામને માટે નિચે જણાવેલા સંજોગોમાં બોલાવવામાં આવશે.

(૧) સેક્રેટરીને જરૂર જણાય ત્યારે માસીક એક વખત તથા અન્ય વખત પણ.

(૨) સભાસદોના પાંચમો ભાગ સેક્રેટરીને લખી જણાવે ત્યારે.

આ સભા મળવા અગાઉ સમયાનુસાર પેહેલથી જાણ કરવામાં આવશે.

૧૫—વ્યવસ્થાપક સભા— આ સમાજના સર્વ કામનો પ્રબંધ કરવા માટે પંદર સભાસદોની એક મેને-

જીંગ કમીટી (વ્યવસ્થાપક સભા) નીમવામાં આવશે.

૧૬—અધિકારી સાત પ્રકારના થશે.

૧ પ્રમુખ.
૨ ઉપ પ્રમુખ.
૩ સેક્રેટરી.
૪ આસિસ્ટંટ સેક્રેટરી.
૫ ખજાનચી.
૬ શરાફ.
૭ હિસાબ તપાસનાર

૧૭—પ્રમુખનો અધિકાર.

(૧) સર્વે સભાના પ્રમુખ ગણવામાં આવશે.
(૨) સમાજના સર્વે કામકાજપર દેખરેખ રાખી સમાજનું કામ નિયમસર ચલાવશે.
(૩) બીલો ઉપર સહી કરવી.

૧૮—ઉપ પ્રમુખનો અધિકાર.

(૧) પ્રમુખની ગેર હાજરીમાં તેનું સર્વે કામ ઉપ પ્રમુખ કરશે, અને તેની હાજરીમાં તેને સરવે રીતે સહાય કરશે.

૧૯—સેક્રેટરી તથા ખજાનચીનો અધિકાર.

(૧) વ્યવસ્થાપક સભાની અનુમતિ અનુસાર સમાજના તરફથી સર્વેની સાથે પત્ર વેહેવાર કરવો. અને સમાજના ખત પત્રો વિગેરે સંભાળી રાખવા.

(૨) સભાઓનું વૃતાંત લખવું તથા મીનીટ બુકમાં નોંધ લેવી.

(૩) સમાજને લગતી વસ્તુ તથા ચોપડીયો વિગેરે સંભાળવી.

(૪) પ્રત્યેક સભામાં હાજર રેહેવા બનતું કરવું

(૫) સમાજના સભાસદોની ટીપ રાખી તેમાં તેઓની સંખ્યા, નામ, પીતાનું નામ, અટક, ધંધો, વય. લવાજમના રૂપિયા કેટલા આવ્યા, તથા સભાસદ થયાની તારીખ લખી તેવા રૂપનું એક રજીસ્ટર તયાર કરી રાખવું.

(૬) સઘળાં ખાતાંની આવક જાવક ઉપર ધ્યાન રાખવું, શંકાઓ વ્યવસ્થાપક સભાને જણાવી ખુલાસો મેળવવો, અને તેમની અનુમતિ અનુસાર ખરચ કરવું.

(૭) સમાજની આવક લેવી ને તેની પહોંચ આપવી.

(૮) પ્રમુખની સહી વગર કોઈને બીલ ચુકાવવું નહીં.

(૯) આવક જાવકનો હિસાબ રાખવો તથા હિસાબ તપાસનાર હિસાબ તપાસી લે ત્યાર પછી વાર્ષિક સાધારણ સભામાં તે સ્વિકારવા માટે રજુ કરવો.

૨૦—સેક્રેટરીની ગેરહાજરીમાં આ. સેક્રેટરી તે કામ બજાવશે, ને તેની હાજરીમાં તેને દરેક કામમાં મદદ આપશે.

૨૧—સમાજના નાણાં કોઈ પણ શરાફ જેને મેને-જીંગ કમીટી પસંદ કરે તેને ત્યાં "શ્રી સોરઠીયા બ્રહ્મક્ષત્રિય સમાજના નામથી જમા કરવામાં આવશે અને જરૂર પડે ત્યારે પ્રમુખ અને સેક્રેટરીની સહીથી લઈ શકાશે.

૨૨—જ્યારે કોઇ અધિકારીની જગા ખાલી પડશે ત્યારે તેની જગો ઉપર વ્યવસ્થાપક સભા યોગ્ય બંધુને નીમી શકશે.

૨૩—જો વાર્ષિક સાધારણ સભામાં કોઈ અધિકારીની જગો પુરવામાં નહીં આવી હશે તો અગાઉના અધિકારીએ તેની નીમણુંક થાય ત્યાં સુધી પોતાને સોંપેલું કાર્ય કરવું પડશે.

૨૪—અધિકારી કે મેનેજીંગ કમીટીના મેમ્બરોને બહારગામ જવાનું હોય તો તેણે બનતાં સુધી સેક્રેટરીને ખબર આપવા.

૨૫—દરેક મેળાવડાનું વૃતાંત લખવામાં આવશે. ને તે દરેક સભાસદ જોઇ શકશે.

૨૬—કોઇ પણ જ્ઞાતિ બંધુ તરફથી કે અન્ય તરફથી આવેલી ભેટ ઉપકાર સાથે સ્વિકારવામાં આવશે.

૨૭—દરેક વખતની સભાનું કામ સભાસદના ⅓ સભાસદની હાજરી હોય ત્યાં સુધી શરૂ કરવામાં આવશે, અને ઉપરના સંજોગની ગેર હાજરીમાં મુલતવી રહેલી સભામાં ફરીથી મળતી વખતે જેટલા સભાસદો હાજર હોય તેટલા અગાઉ જણાવેલા કામનો ફડચો કરી શકશે.

૨૮—દરેક સભાભદે પોતાને ત્યાં સર અવસરે સમાજપર લક્ષ આપવા ખાસ આગ્રહ કરવામાં આવે છે.

૨૯—સમાજનું સઘળું કામ બહુમતે નક્કી કરવામાં આવશે જે અભિપ્રાયો પત્રદ્વારા મળશે, તેને અભિપ્રાય રૂપજ ગણવામાં આવશે.

૩૦—દરેક સભાસદ એક મત આપી શકશે. સભાસદોના મત લેતી વખતે જો બંન્ને બાજુ સરખા મત પડે તો પ્રમુખના બે મત ગણવા. ઠરાવ કાયમનો ગણવા માટે સભાની વૃતાંતની ચોપડી પુરતી સાબીતી તરીકે ગણવામાં આવશે.

૩૧—આ સભાના દરેક સભાસદે એક બીજા સાથે ભાઇચારાથી વર્તવું.

૩૨—વર્ષ દરમ્યાન નિયમોમાં કાંઇ ફેરફાર કરવાની વ્યવસ્થાપક સભાને જરૂર જણાય તો સભાસદોની સાધારણ સભા બોલાવી તે સભાની મંજુરી લઇ ફેરફાર કરી શકાશે પણ નિયમ (૨) માં જણાવેલા ઉદ્દેશોમાં કાંઇ પણ ફેરફાર થઇ શકશે નહીં.

ખત્રી વીઠલદાસ ઝીણાભાઇ જરીવાલા.
પ્રમુખ.